# નાવ તરે ભવસાગર

નાવ તરે ભવસાગરે તારૂં, એને કાંઠે લાવી ખુંચાડીસ ના
તરી શકે તો તરજે જીવડા, બીજા ને તું બુડાડીસ માં ..નાવતરે

તારે આંગણીયે આંબા રોપજે,બાગ બીજાનાં બગાડીસમાં
જેના ફળ તું કાયમ ખાતો, એનાં મૂળ ઉખાડીશ માં ..નાવતરે

ભરેલા દેખીને ભંડાર બીજાના, એમાં લાહ્ય લગાડીસ માં
વેણ કહીને મુખેથી કડવા , સુતા સાપ જગાડીશ માં ..નાવતરે

મહેલ પરાયો જોઈને કોઈનો, ઝુપડું તારું જલાવીશ માં
માલ વીનાની દુકાનનાં ઘ્વારે, ખોટા બોર્ડ લગાવીશ માં ..નાવતરે

ગાતું હોય કોઈ ગુણ પ્રભુના, એના તાલ બગાડીશ માં
પુરષોત્તમ તારા સ્વાર્થને કાજે, ખોટા સુર પુરાવીશ માં ..નાવતરે